# ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બૉર્ડ, ગાંધીનગર

**શૈક્ષણિક વર્ષ 2020-21 માટે**

**ધોરણ-10 : ગુજરાતી (પ્રથમ ભાષા)**

**વાર્ષિક પરીક્ષા**

**સમય : 3 કલાક** **પ્રશ્નપત્રનું પરિરૂપ** **કુલ ગુણ : 80**

**નોંધ :** આ પરિરૂપ વિદ્યાર્થીઓ, શિક્ષકો, પ્રાશ્નિકો, મૉડરેટર્સ વગેરેના માર્ગદર્શન માટે છે. જે તે વિષયોના પ્રાશ્નિક તેમજ મૉડરેટર્સને માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણના બૃહદ્ હાર્દ/ઉદ્દેશને સુસંગત રહી પ્રશ્નપત્રની સંરચના બાબતે ફેરફાર કરવાની છૂટ રહેશે.

**હેતુઓ પ્રમાણે ગુણભાર :**

| હેતુઓ | જ્ઞાન (K) | સમજ (U) | ઉપયોજન (A) | ઉચ્ચ વિશ્લેષણ વૈચારિક કૌશલ્ય | | કુલ |
|---|---|---|---|---|---|---|
| | | | | સંયોજન | અનુમાન/મૂલ્યાંકન | ગુણ |
| ગુણ | 29 | 16 | 10 | 04 | 21 | 80 |
| ટકા | 36% | 20% | 13% | 05% | 26% | 100 |

**પ્રશ્નના પ્રકાર પ્રમાણે ગુણભાર :**

| ક્રમાંક | પ્રશ્નનો પ્રકાર | પ્રશ્નોની સંખ્યા | | કુલ ગુણ |
|---|---|---|---|---|
| | | જનરલ વિકલ્પ વિના | જનરલ વિકલ્પ સાથે | |
| 1. | હેતુલક્ષી પ્રશ્નો (O) | 24 | 24 | 24 |
| 2. | અતિ ટૂંક જવાબી પ્રશ્નો (VSA) | 16 | 16 | 16 |
| 3. | ટૂંક જવાબી પ્રશ્નો (SA) | 04 | 06 | 08 |
| 4. | લાંબા પ્રશ્નો (LA) | 07 | 10 | 24 |
| 5. | નિબંધ પ્રકારના પ્રશ્નો (EA) | 01 | 03 | 08 |
| | **પ્રશ્નોની કુલ સંખ્યા** | **52** | **59** | **80** |

**વિભાગ પ્રમાણે ગુણભાર :**

| ક્રમાંક | વિભાગનું નામ | ગુણ |
|---|---|---|
| 1. | ગદ્ય વિભાગ | 20 |
| 2. | પદ્ય વિભાગ | 20 |
| 3. | વ્યાકરણ વિભાગ | 20 |
| 4. | અર્થગ્રહણ / લેખન | 20 |
| | કુલ | **80** |

**નોંધ :** ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ દ્વારા શૈક્ષણિક વર્ષ 2020-21 માટે અભ્યાસક્રમના રદ કરેલા પ્રકરણ/મુદ્દાઓમાંથી પ્રશ્નો પૂછવા નહિ.

# ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બૉર્ડ, ગાંધીનગર

**શૈક્ષણિક વર્ષ 2020-21 માટે**
**ધોરણ-10 : ગુજરાતી (પ્રથમ ભાષા)**
**વાર્ષિક પરીક્ષા**

**સમય : 3 કલાક** **પ્રશ્નપત્રનું માળખું** **કુલ ગુણ : 80**

| પ્રશ્ન ક્રમ | વિભાગ તથા પ્રશ્નની વિગત | ગુણ |
|---|---|---|
| | **વિભાગ- A (ગદ્ય)** | **[20]** |
| (અ) | નીચેનાં જોડકાં યોગ્ય રીતે જોડી ફરીથી લખો.<br>(કૃતિ - કર્તા / કૃતિ-સાહિત્ય પ્રકાર / પાત્ર-કૃતિ / પાત્ર - ઉક્તિ)<br>આ ચાર પૈકી ગમે તે એકનું જોડકું પૂછવું. (દરેકનો 1 ગુણ) | 04 |
| (બ) | આપેલ વિકલ્પોમાંથી યોગ્ય વિકલ્પ પસંદ કરી ખાલી જગ્યા પૂરો.<br>ચાર ખાલી જગ્યાઓ પૂછવી. (કૌંસમાં વિકલ્પ આપવા) ( દરેકનો 1 ગુણ) | 04 |
| (ક) | આપેલ પ્રશ્નોના એક વાક્યમાં ઉત્તર લખો. (બે પ્રશ્ન પૂછવા)<br>(દરેકનો 1 ગુણ) | 02 |
| (ડ) | આપેલ પ્રશ્નોના ત્રણ-ચાર વાકયોમાં ઉત્તર લખો.<br>(ત્રણ પ્રશ્ન પૂછવા અને કોઈપણ બેના ઉત્તર લખવા.) (દરેકના 2 ગુણ) | 04 |
| (ઈ) | આપેલ પ્રશ્નોના આઠ-દસ વાક્યમાં ઉત્તર લખો.<br>(ત્રણ પ્રશ્ન પૂછવા અને કોઈપણ બેના ઉત્તર લખવા.) (દરેકના 3 ગુણ) | 06 |
| | **વિભાગ- B (પદ્ય)** | **[20]** |
| (અ) | નીચેનાં જોડકાં યોગ્ય રીતે જોડી ફરીથી લખો.<br>(કૃતિ - કર્તા / કૃતિ-સાહિત્ય પ્રકાર - આ બે પૈકી ગમે તે એક જોડકું પૂછવું.)<br>(દરેકનો 1 ગુણ) | 04 |
| (બ) | આપેલ વિકલ્પોમાંથી યોગ્ય વિકલ્પ પસંદ કરી ખાલી જગ્યા પૂછવી.<br>(કૌંસમાં વિકલ્પ આપવા) ( દરેકનો 1 ગુણ) | 04 |
| (ક) | આપેલ પ્રશ્નોના એક વાક્યમાં ઉત્તર લખો. (બે પ્રશ્ન પૂછવા)<br>(દરેકનો 1 ગુણ) | 02 |
| (ડ) | આપેલ પ્રશ્નોના ત્રણ-ચાર વાકયોમાં ઉત્તર લખો.<br>(ત્રણ પ્રશ્ન પૂછવા અને કોઈપણ બેના ઉત્તર લખવા.) (દરેકના 2 ગુણ) | 04 |
| (ઈ) | આપેલ પ્રશ્નોના આઠ-દસ વાક્યમાં ઉત્તર લખો.<br>(ત્રણ પ્રશ્ન પૂછવા અને કોઈપણ બેના ઉત્તર લખવા.) (દરેકના 3 ગુણ) | 06 |

| પ્રશ્ન ક્રમ | વિભાગ તથા પ્રશ્નની વિગત | | | | ગુણ |
|---|---|---|---|---|---|
| | **વિભાગ- C (વ્યાકરણ)** | | | | **[20]** |
| | માગ્યા પ્રમાણે વ્યાકરણના પ્રશ્નોના ઉત્તર લખો. (પ્રત્યેક પ્રશ્નનો 1 ગુણ)<br>(નોંધ : વ્યાકરણ વિભાગના પ્રશ્નો પૈકી કુલ 8 ગુણના પ્રશ્નો વિકલ્પો સાથે હેતુલક્ષી પ્રકારના પૂછવાના રહેશે.) | | | | |
| | 1. | જોડણી | 11. | શબ્દસમૂહ માટે એક શબ્દ | |
| | 2. | સંધિ | 12. | વિરોધી શબ્દ | |
| | 3. | સમાસ | 13. | અર્થભેદ | |
| | 4. | કર્તરિ અને કર્મણિ વાક્યરચના (જોડકાં સ્વરૂપે) | 14. | તળપદા શબ્દો | |
| | 5. | અલંકાર | 15. | વિશેષણ | |
| | 6. | પૂર્વ પ્રત્યય અને પર પ્રત્યય | 16. | ક્રિયાવિશેષણ | |
| | 7. | સમાનાર્થી | 17. | ધ્વનિશ્રેણી | |
| | 8. | સંજ્ઞા | 18. | પ્રેરક/ભાવે વાક્ય રચના | |
| | 9. | રૂઢિપ્રયોગ | 19. | છંદ ઓળખાવો | |
| | 10. | કહેવત | 20. | છંદનું ઉદાહરણ/બંધારણ | |
| | **વિભાગ- D (અર્થગ્રહણ / લેખનસજ્જતા)** | | | | **[20]** |
| (અ) | આપેલ પંક્તિઓનો અર્થવિસ્તાર. (બેમાંથી કોઈપણ એક)<br>(પંદર વાક્યમાં લખો.) | | | | 04 |
| (બ) | આપેલ વિષય પર આશરે 100 શબ્દોમાં અહેવાલ લખો. | | | | 04 |
| (ક) | આપેલ ગદ્યખંડનો ત્રીજા ભાગમાં સંક્ષેપ કરી યોગ્ય શીર્ષક આપો. | | | | 04 |
| (ડ) | આપેલ મુદ્દાના આધારે આશરે 250 શબ્દોમાં નિબંધ લખો.<br>(ત્રણમાંથી કોઈપણ એક નિબંધ) | | | | 08 |

# ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બૉર્ડ, ગાંધીનગર

## ધોરણ-10 : ગુજરાતી (પ્રથમ ભાષા)
## વાર્ષિક પરીક્ષા
## નમૂનાનું પ્રશ્નપત્ર

**સમય : 3 કલાક** **કુલ ગુણ : 80**

**સૂચના :**

- આ પ્રશ્નપત્રમાં ચાર વિભાગ છે.
- દરેક વિભાગના 20 ગુણ છે.
- જમણી બાજુના આંકડા પ્રશ્નના કુલ ગુણ દર્શાવે છે.

### વિભાગ - A **[20]**

**(અ) નીચેનાં જોડકાં યોગ્ય રીતે જોડીને ફરીથી લખો.** **[04]**

| કૃતિ | સાહિત્યપ્રકાર |
|---|---|
| (1) વાઈરલ ઈન્ફેક્શન | (અ) નવલકથા ખંડ |
| (2) ઘોડીની સ્વામીભક્તિ | (બ) નવલિકા |
| (3) ચોપડાની ઈન્દ્રજાળ | (ક) નિબંધ |
| (4) ભૂખથીય ભૂંડી ભીખ | (ડ) લોકકથા |
| | (ઈ) આત્મકથાખંડ |

**(બ) નીચે આપેલ વિકલ્પોમાંથી યોગ્ય વિકલ્પ પસંદ કરી ખાલી જગ્યા પૂરો.** **[04]**

(1) પરીક્ષામાં ઉત્તીર્ણ થવાની ખુશીમાં રામાયણ અને મહાભારત ............... ને ભેટ મળ્યાં હતાં.
(સૌરભ, અંકિત, સંજય)

(2) દેવજી અને કાનજી નવજાત બાળકને ..... પાસે લઈ ગયા. (વેલજી, માણેક, મુખિયાજી)

(3) ગંદકીથી ખલેલ પામનાર સંત ......... હતા. (રવિશંકર મહારાજ, સ્વામી વિવેકાનંદ, વિનોબા ભાવે)

(4) ડુંગર અને તેની પત્ની .......... સ્ટેશને ગાડી પકડવા માગતાં હતાં. (મુજપુર, આનંદપુર, રાજપુર)

**(ક) નીચે આપેલ પ્રશ્નોના એક વાક્યમાં ઉત્તર લખો.** **[02]**

(1) 'છત્રી' પાઠના લેખકને કયો ઉપાય કારગત નીવડ્યો ?

(2) ગરીબોનું શોષણ કરનાર ચોપડાનો રંગ કેવો હતો ?

**(ડ) નીચે આપેલ પ્રશ્નોના ત્રણ ચાર વાકયોમાં ઉત્તર લખો. (ગમે તે બે)** **[04]**

(1) લેખકને ઉઘરાણીએ શા માટે જવું ગમતું હતું ?

(2) કાળુ અનાજ માટેની મદદ લેવા શા માટે તૈયાર થયો ?

(3) રાજકોટ છત્રી લેવા જવાની વાતમાં લેખક શા માટે મક્કમ રહ્યા ?

**(ઇ) નીચેના પ્રશ્નોના આઠ-દસ વાકયોમાં મુદ્દાસર ઉત્તર લખો. (ગમે તે બે)** **[06]**

(1) ઢેલ ઘોડીની વફાદારી અને ખાનદાની વર્ણવો.

(2) 'ગતિભંગ' શીર્ષકની યથાર્થતા ચર્ચો.

(3) 'આખરે તો શિક્ષણનું ધ્યેય બાળક ઉમદા માણસ બને તે છે.' વિધાન સમજાવો.

## વિભાગ - B [20]

**(અ) નીચેનાં જોડકાં યોગ્ય રીતે જોડીને ફરીથી લખો.** **[04]**

| કૃતિ | સાહિત્યકાર |
|---|---|
| (1) વૈષ્ણવજન | (અ) જયંત પાઠક |
| (2) શિકારીને | (બ) હરીન્દ્ર દવે |
| (3) એક બપોરે | (ક) નરસિંહ મહેતા |
| (4) વતનથી વિદાય થતાં | (ડ) કલાપી |
| | (ઇ) રાવજી પટેલ |

**(બ) નીચે આપેલ વિકલ્પોમાંથી યોગ્ય વિકલ્પ પસંદ કરી ખાલી જગ્યા પૂરો.** **[04]**

(1) અશોક ચાવડાનું ઉપનામ............ છે. (વાસુકિ, આદિલ, બેદિલ)

(2) 'હું એવો ગુજરાતી' કાવ્યમાં કવિ નરસિંહ મહેતાને ....... માટે યાદ કરે છે. (આખ્યાન, પ્રભાતિયાં, છપ્પા)

(3) ....... મારો વાડીમાંનો મોરલો. (જેઠ, દિયર, નણદોઈ)

(4) 'એક બપોરે' કૃતિમાં ...... ના વૃક્ષનો ઉલ્લેખ કરવામાં આવ્યો છે. (આંબા, મહુડા, લીમડા)

**(ક) નીચે આપેલા પ્રશ્નોના એક વાક્યમાં ઉત્તર લખો.** **[02]**

(1) મારગની ધૂળને સૂર શું પૂછે છે ?

(2) 'ભારવાળો મુગટ' એટલે શું ?

**(ડ) નીચે આપેલા પ્રશ્નોના ત્રણ-ચાર વાકયોમાં ઉત્તર લખો. (ગમે તે બે)** **[04]**

(1) સત્યના આયુધની વિશેષતા જણાવો.

(2) કવિ વૈષ્ણવજનને સકળ તીર્થ સ્વરૂપ શા માટે કહે છે ?

(3) પક્ષીને પામવા કવિ શું કરવાનું કહે છે ?

**(ઈ) નીચે આપેલા પ્રશ્નોના આઠ-દસ વાકયોમાં ઉત્તર લખો. ( ગમે તે બે)** **[06]**

(1) 'માધવને દીઠો છે ક્યાંય ?' કાવ્યના આધારે માધવને મેળવવા માટેની સૂરની તીવ્ર ઉત્કંઠા વર્ણવો.

(2) 'ચાંદલિયો' લોકગીતમાં નાયિકાના મનોભાવો તમારા શબ્દોમાં લખો.

(3) 'દીકરી' કાવ્યનો મધ્યવર્તી વિચાર સ્પષ્ટ કરો.

## વિભાગ - C

- **માગ્યા પ્રમાણે ઉત્તર લખો :** **[20]**

**આપેલા વિકલ્પોમાંથી સાચો વિકલ્પ પસંદ કરીને જવાબ લખો.**

(1) નીચેના બે શબ્દોની સાચી જોડણી શોધીને લખો. (1)

- સહાનુભુતી (સહાનુભૂતી, સહાનૂભુતિ, સહાનુભૂતિ)

- વિજળી (વીજળિ, વિજળિ, વીજળી)

(2) 'સૂર્ય + અસ્ત' શબ્દની સાચી સંધિ જોડો. (1)

- (સૂર્યસ્ત, સૂર્યાસ્ત, સુર્યાસ્ત)

(3) 'રાવણવધ' શબ્દનો સમાસ ઓળખાવો. (1)

(દ્વન્દ્વ સમાસ , તત્પુરુષ સમાસ, ઉપપદ સમાસ)

- (4) **યોગ્ય જોડકું જોડો :** (1)

| (અ) | (બ) |
|---|---|
| (1) કર્તરિ વાક્ય રચના | (1) છત્રીના સ્ટોરમાં જઈ મારાથી છત્રી મંગાઈ. |
| (2) કર્મણિ વાક્ય રચના | (2) ફોગટ થોડું અપાય છે? |
| | (3) ડુંગર એક વાર પત્નીના મુખ સામે જોઈ રહ્યો. |

(5) 'મનેખ જેવા મનેખનેય કપરો કાળ આવ્યો છે!' વાક્યમાંના અલંકારનો પ્રકાર જણાવો. (1)
(ઉપમા અલંકાર, અનન્વય અલંકાર, વ્યતિરેક અલંકાર)

(6) 'શારીરિક' શબ્દમાં કયો પ્રત્યય રહેલો છે? (1)
(પૂર્વ પ્રત્યય, પર પ્રત્યય, એક પણ પ્રત્યય નહિ)

(7) નીચેના શબ્દોના સમાનાર્થી શબ્દ શોધીને લખો. (1)
- મયંક (હરણ, ચંદ્ર, રાત્રિ)
- તરુ (વૃક્ષ, તરવું, ભયંકર)

(8) 'લાકડું' સંજ્ઞાનો આપેલા વિકલ્પોમાંથી સાચો પ્રકાર લખો. (1)
(ભાવવાચક સંજ્ઞા, દ્રવ્યવાચક સંજ્ઞા, જાતિવાચક સંજ્ઞા)

- **નીચેના પ્રશ્નોના માગ્યા મુજબ જવાબ લખો.**

(9) નીચેના રૂઢિપ્રયોગનો અર્થ આપો. (1)
- દાઝ કાઢવી

(10) નીચે આપેલ કહેવતનો અર્થ લખો. (1)
- નહીં ઘરના કે નહીં ઘાટના

(11) નીચેના શબ્દસમૂહ માટે એક શબ્દ લખો. (1)
- મુશ્કેલીથી પ્રાપ્ત થાય તેવું

(12) નીચેના શબ્દનો વિરોધી શબ્દ લખો. (1)
- સુધા

(13) બંને શબ્દના જોડણી ભેદે થતો અર્થભેદ જણાવો. (1)
- પુર - પૂર

(14) નીચેના તળપદા શબ્દનું શિષ્ટ રૂપ લખો. (1)
- લગણ

(15) નીચેના વાક્યમાંથી વિશેષણ શોધી તેનો પ્રકાર જણાવો. (1)
જીવલો દાનતનો શુદ્ધ !

(16) નીચેના વાક્યમાંથી ક્રિયાવિશેષણ શોધી તેનો પ્રકાર જણાવો. (1)
એકાએક ફગફગિયો દીવો બુઝાઈ ગયો.

(17) 'કોઢાર' શબ્દના ધ્વનિ ઘટકો (સ્વર-વ્યંજન) છૂટા પાડો. (1)

(18) નીચેના વાક્યની ભાવે વાક્ય રચના બનાવો. (1)
- માણેક કણસે છે .

(19) નીચેની પંક્તિમાંનો છંદ ઓળખાવો. (1)

અમારા એ દાદા વિપુલ વડના ઝુંડ સરખા.

(20) ‘મ ભ ન ત ત ગા ગા’ કયા છંદનું બંધારણ છે? (1)

## વિભાગ - D [20]

(અ) **નીચે આપેલી પંક્તિઓનો આશરે પંદર વાકયોમાં અર્થવિસ્તાર કરો.** **[04]**

સૌંદર્યો વેડફી દેતાં ના ના સુંદરતા મળે;

સૌંદર્યો પામતાં પ્હેલાં, સૌન્દર્ય બનવું પડે.

**અથવા**

આવ નહીં આદર નહીં, નહીં નયનમાં નેહ,

તે ઘર કદી ન જઈએ, કંચન વરસે મેહ:

(બ) **તમારી શાળામાં યોજાયેલ ‘શિયાળુ રમતોત્સવ’નો અહેવાલ આશરે એકસો શબ્દોમાં તૈયાર કરો.** **[04]**

(ક) **નીચે આપેલા ગદ્યખંડનો આશરે ત્રીજા ભાગમાં સંક્ષેપ કરી તેને યોગ્ય શીર્ષક આપો.** **[04]**

ઘર કાનો માત્ર વિનાનો બે અક્ષરી શબ્દ, પણ આ કેવળ શબ્દ નથી. આખું જીવન એની સાથે સંકળાયેલું છે. પક્ષીને પણ પોતાનો માળો હોય છે ! વાઘ, સિંહ જેવા પશુને પણ પોતાની ગુફા હોય છે !ઘરેથી નીકળીને પછી માણસ જ્યાં સુધી ઘરે પહોંચતો નથી, તથા પોતાની પથારી પર સૂતો નથી ત્યાં સુધી એને જંપ અને ચેન મળતાં નથી. ઘર આગળ ફાઈવ-સ્ટાર હૉટલ ફિક્કી લાગે છે. ઘર એટલે માત્ર સલામતીનું છાપરું નહીં, પણ ઘર એટલે હૂંફ, ગમે તેટલો ગરીબ માણસ હોય, પણ ઘરમાં એ રાજા છે. પુરુષ માટે જે ઘર છે તે સ્ત્રી માટે કિલ્લો છે. ઘરની મજા એ છે કે તમે તમારી રીતે વર્તી શકો છો. તમે જે છો ને જેવા છો એવા પ્રગટ થઈ શકો છો. જેમની ચેતનાનો વિસ્તાર થયો છે એમની ઘરની કલ્પના ઘણી વ્યાપક હોય છે.

(ડ) **ગમે તે એક વિષય પર આપેલા મુદ્દાને આધારે આશરે 250 શબ્દોમાં નિબંધ લખો.** **[08]**

**- પુસ્તકોની મૈત્રી :**

મુદ્દા : પ્રસ્તાવના - સારાં પુસ્તકોનો જીવનમાં ફાળો - સારાં પુસ્તકોથી થતા લાભ - નઠારાં પુસ્તકોના ગેરલાભ - ઉપસંહાર.

**અથવા**

**- વિશ્વબંધુત્વ**

મુદ્દા : પ્રસ્તાવના - ભારતીય સંસ્કૃતિ - ‘વિશ્વ એક પરિવાર છે’ એ ભાવનાનો વિકાસ - વિશ્વબંધુત્વની ભાવનામાં આત્મીયતાના સંબંધો - ઉપસંહાર

**અથવા**

**- બળબળતા જામ્યા બપોર...**

મુદ્દા : પ્રસ્તાવના - બપોરનું વાતાવરણ -ગરમીની લોકો પર અસર-પ્રકૃતિ પર અસર - બપોરનું સૌંદર્ય - ઉપસંહાર.

----